સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૮૮ / શુમારો : ૨
بسم الله الرحمن الرحيم
કુલ પાના - ૧૬
مشكوة الهادي
MISHKAAT UL HAADI
નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
રબીઉલ અવ્વલ - રબીઉલ આખર ૧૪૪૭ / ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૫

## " હર જગા પર તૌહીદ છે "

યમન મુબારકના છઠ્ઠા દાઈએ મુત્લક સૈ.અલી બિન સૈ.હન્ઝલા અલ-વાદેઈ અય-યમાનીએ, આપની બલંદ-પાયા કિતાબ ઝિયાઉલ હુલૂમમાં તૌહીદે ઈલાહીની ઝિક્રે ખૈર કીધી છે. આપ ફરમાવે છે કે, "તૌહીદ" યાઅની અલ્લાહતઆલાની એકોકારી આમ લોગો વાસ્તે રોઝમર્રાનો લફ્ઝ છે મગર હમારા ઈસ્માઈલી-તૈયેબી અકીદામાં તેની ખાસ માઅના છે, હિકમત છે અને અહલુલ બૈત (અ.સ.) ના ઈલ્મના આઅલા જૌહર તેમાં છુપેલા છે. તૌહીદને સાથે-સાથે બીજી બે ચીઝોની ઝિક્ર કરવી પણ ખૂબ જ ઝરૂરી છે તે છે "તન્ઝીહ" અને "તજરીદ."

આનો ખુલાસો એ છે કે, "તૌહીદ" તેને કહેવાય કે, મુમિન, અલ્લાહતઆલાના દીનની તમામે તમામ હદ્દોની માઅરેફત કરે. આ હદ્દો-હુદૂદ બે તરહની હોય છે, રૂહાની અને જિસ્માની. રૂહાની હદ્દોથી જિસ્માની દરજાઓ તરતીબ આપવામાં આવા છે. નુબૂવતના દરજાથી લઈને ઈમાનના આખિરી દરજા તક તેમાં શામિલ છે. આ હદ્દોના અલાહેદા-અલાહેદા દાએરાઓ છે અને તેમાં **અલ્લાહતઆલાની શહાદત અને ઇતાઅત તમામ કરતા બલંદ અને ફૌક છે.** બીજી ચીઝ એ સમઝવી કે, હરએક હદ્દ પોત-પોતાના રૂત્બામાં વાહિદ-યકતા-એક છે. કોઈ એક હદ્દ મૌજૂદ હોય તો બીજા સાહેબો એ હદ્દને નીચે હોય. એમને તાબેઅ હોય અને અમરને ઉચકતા હોય. હરએક હદ્દ ખુદના દરજા, હેસીયત અને નૂરાનીયતથી પોતાના "મૂજિદ" - પૈદા કરનાર ખાલિકની તરફ દાઅવત કરનાર હોય છે. કોઈ એક હદ્દ કે જે મખ્લૂક હોય તો એના ખાલિક જે એકોકારીના માલિક છે, તેના સાથે " **તૌહીદ** " ના રિશ્તાથી જોડાયેલા હોય છે. હદ્દમાં જો તૌહીદની બુનિયાદ નથી, તો એ અલ્લાહતઆલાની દાઅવતે વહેદાનીયતનો હિસ્સો બની શક્તા નથી.

મુમિને મુખ્લિસ પર વાજિબ છે કે, કોઈ પણ હદ્દ (સાહેબે મરતબા) ને એના દરજા કરતા વધારે ના સમઝે, એમ કરવું "ગોલૂ" છે. આ સાથે એના કરતા ઓછું પણ ના સમઝે, એમ કરવું "કોલૂ" છે. આ બેવે શાકેલત "ગોલૂ" અને "કોલૂ" કરવું, ગલતી છે, ખતા છે અને ગુનાહ છે. મુમિનને એમ સમઝવું જોઈએ કે, આ સઘલા હુદૂદ, રૂહાની હોય કે જિસ્માની હોય, એ કેટલા પણ આઅલા હોય, મગર એના પૈદા કરનાર અલ્લાહતઆલાની માઅરેફત અને ઈદરાક-પહેચાન કરવાથી તો આજિઝ છે, કાસિર છે. તૌહીદે ઈલાહીનો ઈકરાર એ તરહથી કરે છે કે, તમામને પૈદા કરનાર એક જ છે અને તે ખાલિકે જ એ સઘલા હુદૂદને શરફ બખ્શેલો છે. **આ શરફના સબબ તેઓ એક-બીજાથી મિલતા-જુલતા છે.** જે શરફ પહેલાને મિલો તે શરફ છેલ્લાને પણ મિલો મગર તેમાં ફરક "સબાકત" નો છે. કયા સાહેબ પહેલામાં પહેલા આવા અને કયા સાહેબ પછીથી આવા અને પહેલાને તાબેઅ થયા. જેમ આવતા જાય તેમ દરજા મિલતા જાય, મગર તૌહીદનો શરફ તો એક જેવો કાઈમ રહે, આ છે અલ્લાહતઆલાની તૌહીદની હકીકત, **" લા ઇલાહા ઇલ્લા હોવા. "**

હવે હમેં તૌહીદના બીજા રૂખ તરફ નઝર કરીએ કે જેને " **તન્ઝીહ** " કહેવાય છે. આ તસ્બીહ અને શહાદતની માઅના એ થાય છે કે, મખ્લૂક યાઅની પૈદા કરવામાં આવેલી ચીઝો માંથી જેટલી રૂહાની અને જિસ્માની (બકીયહ પેજ નં. ૪ પર)

**દુનિયાના હર ગોશામાં શયતાનની જાલ બિછેલી છે.**

## દીવાને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)
### કિસ્ત - ૨૩

ઉમ્મે સલમહ અલ-મખઝૂમીને દીને ઈસ્લામ ની તરફ દાઅવત કરતા આપ મૌલાએ ફરમાવું :

**શેઅર : ઇન્નલ લઝી સમકસ્સમાઅ બેકદરેહી, હત્તા અલા ફી અરશેહી ફતવહહદા.**

**તરજુમો** : ઝરૂર ! અલ્લાહતઆલા કે જેએ આસ્માનને પોતાની કુદરત, તકદીર અને માપ મુજબ ઊંચા કીધા, આઅલા અને બલંદ કીધા યહાઁ તક કે, તે અલ્લાહ આસ્માનથી પણ ઊંચા અરશે મુબારક પર બલંદ થાય. તે માલિક અર્શ, એક છે, લાશરીક છે.

**તશરીહ** : હમારા મૌ.અલી સાહેબે ઝુલફિકાર ઈલાહી બાદશાહત કે જે અર્શે મુઅલ્લા સાથે તઅલ્લુક રાખે છે તેની ઝિક્રે ખૈર કરે છે. જેમ એક દુનિયાવી બાદશાહ સુલતાન-શાહ બનીને તખ્ત પર બેસે છે અને જે જે ચીઝો એના કબ્ઝામાં હોય છે તેના ઉપર રાજ કરે છે. તેમ અલ્લાહતઆલા કે જે બાદશાહોનો બાદશાહ છે અને આસ્માનો ઝમીનનો માલિક છે, તે અર્શોકુરસી પર જલ્વાઅફરોઝ થઈને પોતાની અબદી-અઝલી હમેશાની ઈલાહી સલતનત ચલાવી રહ્યા છે. તમામ તેના તાબએ ફરમાન છે. તમામ તેના ઝૈરે હુક્મ છે. કોઈ એકની મકદૂર, લિયાકત કે હિમ્મત નથી કે, આ સલતનતે ઈલાહીયતથી બાહર નિકલી શકે.

તે એક છે, એકલા છે અને પહેલા પણ છે. **"એક" ની તાકત "કઇ જ નથી" યા "બે" યા "બીજા" કરતા ઘણી અઝીમ હોય છે.** તેનો ઈરાદો મઝબૂત હોય છે. તેનો અમલ આખિરી હોય છે. તેનો ફેસલો અટલ હોય છે. એનો કૌલ સાચો, સલીસ અને સખ્ત હોય છે. તેની નઝર હર જગા પર યકસાં હોય છે. તેની હર તખ્લીક ઈન્સાફ પર બનેલી હોય છે.

અર્શ તે શરીઅત છે. જેમ અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓ હોય છે, તેમ શરીઅતના સિકલ-બોઝને ઉઠાવનાર અંબિયાએ કિરામ હોય છે. અર્શ સાબિત છે, તેમાં કોઈ જુંબિશ નથી. શરીઅત સાબિત છે, તેમાં કોઈ ફેરફાર નથી. અર્શ તમામ કરતા આઅલા છે અને તેના ઉપરથી પૂરી કાએનાતનો કારોબાર થાય છે. **શરીઅત તમામ ઊમૂર-તઅલ્લુકાત-કારોબાર-ઊલૂમ પર ભારી છે.** હરએક ચીઝ શરીઅતની મોહતાજ છે. હરએક ઝર્રા વાસ્તે શરીઅતમાં કાનૂન છે. અર્શની રોશનીથી આસમાનોમાં નૂર છે. શરીઅતની રોશનીથી દીને હક્કના હર ગોશામાં નૂર છે. તે રોશનીની શમ્અ અંબિઆએ કિરામએ જલાવી અને આજે પણ આલે મોહંમદ (સ.અ.) ના સાહેબો તેને હાથમાં લઈ મશઅલે રાહ બનીને દુનિયાવાલાઓ દરમિયાન રૂશ્દ-નૈકીના રસ્તાઓને બતાવી રહ્યા છે. ✯

## જન્નતી લોગો

મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, જન્નતનો હક્કદાર છે તે શખ્સ કે જેનો ખાતેમો કલેમતુશ્શહાદત યાઅની **"લાઇલા ઇલ્લલ્લાહ મોહંમદુન રસૂલુલ્લાહ અલીયુન વલીયુલ્લાહ"** પર થાય અને તે શખ્સ કે જે વક્ત તેના પાસે નેઅમત આવે તો કહે **"અલ્હમ્દો લિલ્લાહ"** અને તે શખ્સ કે જે સગીરા ગુનાહ કરે તો ફૌરન કહે **"અસ્તગફેરૂલ્લાહ"** અને તે શખ્સ કે જે મુસીબતમાં ગિરફતાર થાય તો કહે **"ઇન્ના લિલ્લાહે વ ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન"**. જન્નતમાં આઅલા મકામ હાસિલ કરનાર તે શખ્સ પણ છે જે હમારી મોહબ્બત રાખે, હમારી હિદાયત મુજબ અમલ કરે, સહેલાય-યુસ્રતમાં શુક્ર કરે, સખ્તાઈ-ઉસ્રતમાં સબ્ર કરે અને અલ્લાહની કઝા-કદરથી રાઝી રહે અને આ જ તો ઈમાને સહી અને અમલે સાલેહ છે. હમારા સબબ મુમેનીનને સલવાત, રહેમત અને હિદાયતનો અજરો સવાબ મીલે છે; જો આ ત્રણે ચીઝો ફરિશ્તાઓને મીલે તો ખુશ ખુશ થઈ જાય. ✯

## શયતાન તેના શિકારની નબ્ઝને ખૂબ જાણે છે.

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો
### કિસ્ત - ૨૪

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઈઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઈએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઈ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

અય મારા ફરઝંદો ! હું તમને મિસિરના અમીરની ઝિક્ર કરૂં છું, એ અમીર પોતાની મજલિસોમાં આલિમોને બોલાવતો હતો. તેઓને હિકમતના કલામ બોલવાનો મૌકો આપતો હતો. કહેતો હતો કે, “અય ખુદાના પ્યારા બંદાઓ ! મને મારા ઐબ દેખાતા નથી, તેથી તમેં સઘલા બતાવો કે, મારામાં શું શું ઐબ છે !! જેમ તમેં મારા ખૈરખ્વાહ છો તેમ હું પણ તમારો ખૈરખ્વાહ છું. તમે જે કઈ મને કહેશો તેમાં મને ઝરા પણ ખોટું નહીં લાગે. **તમેં તે કહેવાનો હક્ક રાખો છો.** શાયદ કે, તમારા કલામથી હું આ બાદશાહતને ઔર બહેતર તૌર પર ચલાવી શકું. જો તમેં મારાથી ખુશ રહેશો, તો હું મારી ઝાતમાં ખુશી મહેસૂર કરીશ.મારી જાન જ મારી રઈયત છે, તમેં સઘલા આલિમો છો.”

તે જુમ્લામાંથી એક આલિમ ઊઠા અન સલામ કરીને અરઝ કરવા લાગા. અમીરે વલતો જવાબ આપો અને બાઈઝઝત એને પોતાના કલામ કહેવાનો મૌકો ઈનાયત કીધો. તે પછી હિમ્મત જુટાવીને એ આલિમ અમીરને કહેવા લાગા :

✳ અય હમારા બાદશાહ ! ખુદા આપની ઈઝઝત ઔર બલંદ કરે.

ખુદાતઆલાએ આપને ઊંચો દરજો અતા કીધેલો છે અને આપનું મુલ્ક ખુદાના મુલ્કનો એક ભાગ છે. ખુદાએ આપને હુકૂમત આપેલી છે અને આપના હુકમને તમામ રઈયત કરતા આઅલા, અફઝલ અને હત્મી બનાવેલો છે. તેથી હું આપને અરઝ કરૂં છું કે, ખુદાનો શુક્ર કરનાર આપના કરતા વધારે બીજો કોઈ ના હોવો જોઈએ. આપ જાણો છો કે, શુક્ર ફક્ત ઝબાનથી જ અદા થઈ શકતો નથી, મગર ખુદાએ બખ્શેલી નેઅમતોનાં શુક્ર સાથે બીજા **સાઇલો-કમ્ઝોરો પર અહેસાન કરવું** પણ વાજિબ બને છે. ખુદાતઆલા દાઊદ નબીની આલને ફરમાવે છે કે, અય અહલે દાઊદ ! આપ લોગો શુક્રે ખુદા વાસ્તે અમલ કરા કરો. તેના વાસ્તે તો દુનિયામાં આવવું છે.

✳ અય હમારા બાદશાહ ! ખુદા આપની ઈઝઝત ઔર ઝિયાદહ કરે.

આપ તે હકીકતથી વાકિફ છો કે, આ મુલ્ક આપના હાથમાં આપના અગાઉના બાદશાહના મૌત પછી આવું છે. એક દિવસ એવો આવશે કે, જેમ આવું તે જ મુજબ આ મુલ્ક આપના મૌત પછી બીજાના હાથમાં ચાલું જાશે. **દૌલત અને મુલ્ક કોઇ એક હાથમાં હમેશા રહેતું નથી.** તેથી હું આપને ઈલ્તેજા કરૂં છું કે, આપ હુકૂમત કરવામાં ખુદાથી ડરતા રહો. જે કઈ નાની-મોટી ચીઝો આપના હાથમાં છે, તે વાસ્તે ઝરૂર ખુદાતઆલા સવાલ કરશે. ખુદાતઆલા પોતાની કિતાબમાં ફરમાવે છે કે, આપના રબના કસમ ! હમેં આપને સવાલ કરીશું કે, આપે દુનિયામાં રહીને શું કામો કીધા ? આપ સઘલાએ કઈ તરહ ઝિંદગી ગુઝારી ? એક રાઈના દાણા બરબર પણ આપના અમલ હશે અને તે કોઈ દરીયાની ગહેરાઈમાં યા ભારી ચટ્ટાન ના નીચે છુપાવા હશે, તો પણ હમેં તેનો હિસાબ પૂછીશું અને તેના બાહર કાઢીશું !

(બકીયહ પેજ નં. ૪ પર)

**જેનાથી હમેં ઝિયાદહ મોહબ્બત કરીએ છે તે રસ્તા પર શયતાન જાલ બિછાવે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

હુદૂદ-મરતબાઓ છે, તેઓ વાસ્તે મુખ્તલિફ સિફતો-નામો લાગેલા છે, તેનાથી તેઓની પહેચાન અને માઅરેફત થાય છે. આ તમામ સિફતોથી અલ્લાહતઆલા બરતર છે, ઊંચા છે, પાકો સાફ અને મુનઝ્ઝહ છે, મુકદ્દસ અને મુતહહર છે. આ નામો હુદૂદ વાસ્તે મખ્સૂસ છે જેઓ અલ્લાહતઆલા તરફથી બોલતા અને ઝિંદા તૌહીદના કલેમા છે. તેઓની ઝબાનો પર આઅલામાં આઅલા જે નામ છે તે "અલ્લાહ" છે, તે ઈસ્મુલ જલાલત છે અને તેના માલિક અકલે અવ્વલ છે, તેમના ઉપર આ વાકેઅ થાય છે. જેએ પહેલામાં પહેલા કહ્યું **"અલ્લાહો લા ઇલાહા ઇલ્લા હોવા." "તન્ઝીહ" યાઅની એ કે અલ્લાહતઆલા તેના મખ્લૂકાતની તમામ સિફતોથી ખાલી છે, બેનિયાઝ છે.**

હવે હમેં તૌહીદના એક ઔર રૂખ તરફ ફિકર કરીએ કે, જેને **"તજરીદ"** કહેવાય છે. "અલ્લાહ" નો લફ્ઝ અલ્હાનીયત યા વલ્હાનીયત યાઅની શૌક અને હેરતથી બનેલો છે. તૌહીદનો સૌથી પહેલા ઈકરાર કરનાર અકલે અવ્વલ તરફ સઘલી મખ્લૂકાતનો શૌક અને એની શાનમાં સઘલાને હેરત છે, તેથી એને **"અલ્લાહ"** યાઅની તે અલ્લાહ સુબ્હાનોહૂના કાઈમ મકામ કહેવામાં આવે છે. એમ બિલકુલ નહીં કે, એ જ પૈદા કરનાર અલ્લાહ છે. કોઈ ચીઝ બગૈર પૈદા કરનાર તો ફક્તને ફક્ત તે ગૈબ સુબ્હાનોહૂ જ છે કે, જેની તરફ અકલો ફિકર, ખયાલો વહેમનો ગુઝર થઈ શકતો નથી. બીજા સઘલા જ તેના પૈદા-કરદા મખ્લૂક છે અને તે છે ઈલાહીયત. તમામ રૂહાની-જિસ્માની મખ્લૂકથી ઉપર ફક્ત તેના વાસ્તે ઈલાહીયતને ખાસ કરવી, **તે છે "તજરીદ" યાઅની કે ખાલિક અને મખ્લૂકને દરમિયાન એક હદ્દ મુકર્રર કરવી.** આમ કરવાથી જ **"લા ઇલાહા ઇલ્લા હોવા"** નો મતલબ અને હકીકત ઝાહિર થાય છે.

લેહાઝા, હમેં એમ કહી શકીએ કે, હર જગા પર તૌહીદ છે. કેમકે, હર જગા પર કોઈને કોઈ અલ્લાહતઆલાની મખ્લૂક કે જેમાં તેનો જલ્વો-મોઅજિઝો નઝર આવે, તે મૌજૂદ જ હોય છે. **હરએક જગા હમને તેની તૌહીદ પર લઇ જાય છે. "તૌહીદ"** બગૈર ઝમીનો આસ્માન અને તેના દરમિયાનની ચીઝો ઝિંદા રહી શકતી નથી. ☆

---

(પેજ નં. ૩ નું બાકી)

✳ અય હમારા બાદશાહ ! ખુદા આપની ઈઝ્ઝત ઔર ઊંચી કરે.

ખુદાતઆલાએ સુલૈમાન નબીને દુનિયાની અકસર ઝમીનના બાદશાહ બનાવા અને આ સાથે તમામ ઈન્સાનો, જિન્નાત, પરિંદાઓ, વહેશી જાનવરો, દરીયાઈ જીવો, પાલતું ચોપાયા વગૈરહને એમના તાબેઅદાર બનાવા. યહાઁ તક કે, હવાને પણ મૌ.સુલૈમાનની તાબેઅદારી કરવાનો હુકમ કીધો. મગર જે તરહ આપ આ નેઅમતોને દરમિયાન રહીને શાયદ ચુક કરી દો છો, ફરઝો પર ચાલવાની કોતાહી કરી દો છો, તેમ મૌ.સુલૈમાને કીધું નથી. એમને હરએક મખ્લૂકનો ખયાલ રાખેલો છે. ખુદાનો હર હાલ શુક્ર કીધેલો છે. એ એમ કહેતા હતા કે, **"આ સઘલું મારા રબની મહેરબાની છે. તે મારો ઇમ્તેહાન કરવા ચાહે છે કે, હું તેની નેઅમતોનો શુક્ર કરૂં છું કે નહીં."**

✳ તો અય બાદશાહે ખુશખિસાલ ! હું આપને ઈલ્તેજા કરૂં છું કે, આપ આપના દરબારના દરવાઝા સાઈલ વાસ્તે હમેશા ખુલા રાખો. લોગો આપને ચાહે છે, આપની મુલાકાતના મુશ્તાક છે, લેહાઝા આપની મુલાકાત તેઓ વાસ્તે સહેલી રાખો. આપ રહેમદિલ છો અને ઝાલિમ શખ્સને પસંદ કરતા નથી, તો આપ મઝલૂમ તરફ મદદનો હાથ લંબાવો અને લાચારને આપના કરમનો આસરો આપો. ખુદાતઆલાની બારગાહમાં આ નાચીઝની એ જ દોઆ છે કે, ખુદા આપને મઝલૂમની મદદ કરવાને વાસ્તે મઝબૂત બનાવે અને **બેબસોને આસરો લેવાની જગા બનાવે.** બીજાના ઝુલ્મથી ડરનાર કમ્ઝોર-મઝલૂમ લોગોને આપના પાસે અમાન હાસિલ થાય. ☆

**બુરાઈના દરીયામાં તેની જાલ છુપેલી છે.**

## લફ્ઝી કશ-મ-કશ


**✵ ઉભી તરકીબ :**

૧) અલ્લાહતઆલા તેના હુકમો ફરમાનને તેના નબીના ઝરીએ લોગોની હિદાયતને વાસ્તે ------ કરે છે. (૨)

૨) -------- ની મસ્જિદમાં નમાઝ પઢવાનો સવાબ ૧૨ ગુના છે. (૩)

૩) -------- થી મરનાર શખ્સ વાસ્તે સદમો અને દિલગીરી ખૂબ જ સખ્ત હોય છે. (૩)

૭) -------- માં લોગો વાસ્તે અલ્લાહતઆલાએ શિફા મુકેલી છે અને તે થોડી જ મિકદારમાં ચાટવામાં આવે છે. (૨)




**✵ આડી તરકીબ :**

૨) શરીઅતના અહેકામની ------ ઈમામે હક્ક જ સમઝી શકે છે. (૩)

૪) નમાઝને પાબંદી સાથે અદા કરવાથી ઈમાન ------ રહે છે. (૨)

૫) દાસ્તાને કરબલા, હક્કાનીયતની એવી પુરદર્દ હકીકત છે કે, સખ્તમાં સખ્ત દિલને પણ ------ બનાવી દે છે. (૨)

૬) ઈન્સાનને એની ઔલાદ અને એના પૈસા ---- બાઝીમાં નાખી દે છે. (૩)



**લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.✯

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨૩મું સાલ છે. કારેઈનના ઈલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફ્ઝી કશમકશ ઈલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમે ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ૭ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઈલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) મખ્લૂક એના ખાલિક સાથે ક્યા રિશ્તાથી જોડાયેલો હોય છે?

(૨) કઈ ચીઝ સાબિત છે, યાઅની એમાં કોઈ જુંબિશ નથી?

(૩) મુમેનીન વાસ્તે તેના બાવાજી નૂર છે, તો માઁ ------ મુજબ છે.

(૪) ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના સાહબીનું નામ શું હતું?

(૫) મૌ.અલી (અ.સ.) ના કૌલ મુજબ કાઝીઓ-જજ કેટલી તરહના હોય છે?

(૬) અલ્લાહની લફ્ઝ કયા બે અલ્ફાઝથી બનેલો છે?

(૭) અલ્લાહની તૌહિદનો સૌથી પહેલા ઈકરાર કરનાર કૌન હતું?

(બકીયહ પેજ નં. ૯ ૫૨)

**લીસી-મીઠી વાતો અને લાલચના ઝરીએ શયતાન હમારા અમલમાં દાખિલ થાય છે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૧૦

રસૂલે કરીમ (સ.અ.વ.વ.) આપના વસીએ હકીમ અલીયુન વલીયુલ્લાહ (અ.સ.) ને ફરમાવે છે કે, "અય અલી ! હું અને આપ, મુમેનીનના માઁ-બાવાજી છે. બેશક ! મુમેનીન એકબીજાના ભાઈઓ છે અને તેઓ વાસ્તે તેઓના બાવાજી નૂર છે અને માઁ રહેમત મુજબ છે. મારા બે નવાસા મૌ.હસન અલ-મુજતબા અને મૌ.હુસૈન સૈયેદુશ-શોહદા (અ.સ.) હક્કના ઈમામો છે, જન્નતના જવાનોના સરદાર છે, ચાહે તેઓ બેસે-સુલેહ કરે યા ઉઠે-જેહાદ કરે યાઅની તેઓના હાથમાં સલ્તનત હોય યા ના હોય, આ બેવે હાલતમાં તેઓના ઈમામ હોવાના દરજાને કોઈ ફરક પડતો નથી. મગર, તેઓના બાવાજી **મૌ.અલી અલ-મુરતઝા (અ.સ.) બેવે ઇમામો કરતા અફઝલ છે,** દરજામાં બરતર છે, વસીએ રસૂલ છે. વસાયતનો મકામ-દરજો ઈમામતથી આઅલા અને નુબૂવતનો મકામ-દરજો વસાયતથી આઅલા છે." હમારા વાસ્તે નબી યાઅની બાવાજી છે, વસી યાઅની માઁ છે, અઈમ્મત યાઅની એમની આલ-ઔલાદ છે, આ અઈમ્મતમાં તમામ કરતા અવ્વલ મૌ.હસન અલ-મસ્મૂમ (અ.સ.) છે.

બેશક ! આ તરહ રૌઝે રોશન જેમ વાઝેહ થઈ ગયું કે, મૌ.હસન, દૌરે મોહંમદીના ઈમામે અવ્વલ છે અને આપના બાદ આપના નઝીર, ચાદરે તત્હીરમાં આપના શરીક, અબાએ ઈમામત, નસ્સે નબવીના મુતાબિક આપના બિરાદરે અસગર મૌ.હુસૈન અલ-મઝલૂમ (અ.સ.) છે. આપના બાદ હમારા તીસરા ઈમામ મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) છે. તે બાદ ચોથા ઈમામ મૌ.મોહંમદ અલ-બાકિર (અ.સ.) છે. આપના પછી હમારા પાઁચમા ઈમામ મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) છે. આપના પછી પહેલાના દસ્તૂર મુતાબિક આપની નસલથી જ છઠ્ઠા ઈમામ મૌ. ઈસ્માઈલ અલ-વફી (અ.સ.) છે. આપના બાદ આપની નસ્સથી આપની મસ્નદે હક્ક પર આવનાર આપના ફરઝંદ મૌ.મોહંમદ અશ-શાકિર (અ.સ.) છે.

દૌરે મોહંમદીના આ પહેલા સાતરાના સાત ઈમામો કે જે જુમ્લાનું નામ "**અતિમ્મા**" છે, એમના પછી નસ્સ-બ-નસ્સ કાઈમ થાનાર ચૌદમાં ઈમામ મૌ.મઅદ અલ-મોઈઝ (અ.સ.) છે, યાઅની બીજા સાતરાના છેલ્લા ઈમામ છે. બીજા સાતરાના આ ૭ ઈમામોના જુમ્લાને "**ખોલફા**" કહેવાય છે. ૧૪ માં ઈમામ પછી નસ્સ-બ-નસ્સ કાઈમ થાનાર બાવાજી પછી દીકરા, એમ તીસરા સાતરાના છેલ્લા ઈમામ મૌ.અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) છે, જે હમારા એકવીસમાં ઈમામ છે. તીસરા સાતરાના આ ૭ ઈમામોના જુમ્લાને "**અશ્હાદ**" કહેવાય છે.

ઈમામતના સાહેબો બદલાતા રહે છે. એક ઈમામ ઈન્તેકાલ કરી જાય કે ફૌરન એમની જગા પર એમના ફરઝંદ ઈમામની નૂરાનીયત સાથે કારે દાઅવત સંભાળી લે છે. ચોથા સાતરાના "અબ્દાલ" ના ઈમામો એકને બાદ બીજા આવતા રહે છે. ઈમામતની મસ્નદ કોઈ વક્ત ખાલી રહી શકતી નથી.

અલ્લાહતઆલા તૌહીદના માલિક છે. તેનાથી ફૈઝ અને તાઈદ જારી થાય છે. આ બેવે ચીઝોને લાઈક એ જ હોય શકે છે કે, જે મખ્લૂકમાં તમામ કરતા આઅલા અને પાકીઝા હોય. તે અલ્લાહ તરફથી પસંદ કરવામાં આવેલા હોય. એ ઈમામે હક્ક જ છે, જે તેની તૌહીદ તરફ લોગોને બોલાવતા હોય છે. "**હય્યુન કય્યૂમ**" તે અલ્લાહતઆલા છે. "હમેશા કાઈમ રહેનાર" અને "હમેશા ઝિંદા રહેનાર", આ ખાસીયત અલ્લાહ તેના ઈમામમાં ઉતારે છે. યાઅની કે, ઈમામના ઝરીએ ઈમામત હમેશા કાઈમ રહે છે અને ઈમામના એક પછી બીજા આવવાના સબબ (બકીયહ પેજ નં. ૧૫ પર)

**શયતાન હમારો ખુલ્લો દુશ્મન છે, તે છતાં હમેં તેની જાલમાં ફસાઈ જઈએ છે.**

## જાહિલીયતના સખી લોગો – હાતિમ તાઈ – કિસ્ત - ૩

હાતિમ તાઈના દીકરી સફ્ફાનહ એના ભાઈ અદીના નઝદીક રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) નો પૈગામે હક્કને આપે છે. કહે છે કે, અય મારા ભાઈ ! મૈં એ સાહેબે વકારમાં એવી આઅલા ખસલતોને જોઈ કે, તે મને બેહદ પસંદ આવી. મૈં એમને જોયા કે, એ ફકીરને મોહબ્બત કરે છે, પોતાના નઝદીક બોલાવીને, ઈકરામથી બેસાડીને જમાડે છે. કૈદી હોય અને એ પોતાના જુર્મ-ગુનાહ પર શરમિંદા હોય અને દોબારહ તે મુજબ જુર્મ નહીં કરવાનો મીઆદ આપતો હોય તો એને મુઆફ કરીને છોડી દે છે. નાના બચ્ચાં પર નઝરે લતાફત રાખે છે, શફક્ત કરે છે અને પ્યાર-દુલાર કરીને રહેમત કરે છે. મોટા સાહેબો ઉમ્ર-રસીદા બુઝુર્ગોની કદરને પહેચાને છે અને ઈઝ્ઝત બખ્શીને બરાબર જગા પર બેસાડે છે.

અય મારા ભાઈ ! મૈં એ સાહેબ કરતા બીજા કોઈને સખી યા કરીમ જોયા નથી. એ સાહેબની કૈફીયત દુનિયાના તમામ લોગોની કૈફીયત કરતા અલગ જ છે. ઝરૂર ! એના સર પર ખુદાનો સાયો છે. એ સાહેબ એવા આલમ સાથે તઅલ્લુક રાખે છે જે આમ શખ્સના ખયાલ અને તસવ્વુરથી બાહર છે. મારી રાઈ એવી છે કે, તું એ સાહેબની જઈને મુલાકાત લે. સબબ કે, જો તું તારી ઝાતથી તજરૂબો કરીશ, તો તુંને માઅલૂમ પડશે કે, દુનિયાવી બાદશાહ અને દીની બાદશાહમાં શું ફરક હોય છે? **ફના થાનાર બાદશાહત અને બાકી રહેનારૂં મુલ્ક કોને કહેવાય છે ?** દુનિયા અને દુનિયા પછીની ઝિંદગીને સમઝાવનાર સાહેબ કેવા હોય છે ? સાહેબે ફઝલ કોઈ વક્ત તારી ઝિલ્લત નહીં કરે. જો તું એમનાથી ઈત્તેફાક નહીં રાખે તો એના ચહેરા પર ગુસ્સાની એક લકીર પણ નહીં ઉભરે. એ તારા સાથે ખુશ-વહેવાર કરશે અને અપના બાવાજીનું નામ ઈકરામથી લેશે.

આ તમામ ચીઝોથી આગાહ થયા પછી અદી, નબી સાહેબ પાસે આવા. આપે કરામતન અને ફઝલન એનો ઈસ્તિકબાલ કીધો અને બેસવા વાસ્તે કહ્યું. તે આમ જ નહીં, મગર એને એક તકીયો આપો કે જેમાં ખજૂરીના પત્તાઓના નાના-નાના નરમ ટુકડાઓ ભરેલા હતા અને કહ્યું કે, **" તમેં આ તકીયાને તેકી દઇને બેસો. "** નબી સાહેબ પોતે એના સામે ઝમીન પર બેસી ગયા. પછી, જે જે ચીઝો અદીએ આપની હઝરતે નબવીયહમાં અરઝ કીધી, તે તમામનો તશફ્ફી-બખ્શ જવાબ આપે આપા.

આ તરહ મુફીદ મુલાકાતના સબબ અદી બિન હાતિમ, નબી સાહેબના દસ્તે મયમૂન પર મુશર્રફ બિલ ઈસ્લામ થયા અને આ તરહ બેવે જણા અદી અને સફ્ફાનહ દામને ઈસ્લામમાં દાખિલ થઈ ગયા. ઘણા લોગોને નબી સાહેબે પૈગામે હક્ક પહોંચાવીને રાહે નજાત પર લગાવી દીધા. ઘણા ઝાલિમ જાબિર રઈસોને તેઓના અમલે બદની ખરાબીથી ખબરદાર કીધા અને નબી સાહેબની સીરતો અખ્લાક તરફ ખાઝેઆના અને ખાશેઆના દાઅવત દીધી. ☆

## રહમતે સુલ્તાને રસૂલાં

અય ખુદા ઝાત કી અપની મુઝે ઈરફાં હો જાએ,
મેરી હર સાંસ તેરે તાબેએ ફરમાં હો જાએ.
ચંદ શમ્એ તો ફરૌઝાં હે મેરે સીને મેં,
રોશની દે મુઝે ઇતની કે ચરાગાં હો જાએ.
સિર્ફ દો ઝાવીયોં સે ખુદ કો હમેશા દેખું,
ઝિંદગી આઇનએ ઇતરતો કુરઆં હો જાએ.
ઇતની તૌફીક અતા કર તુઝે રાઝી કર લું,
રૂહ મેરી ભી તેરે કુર્બ કે શાયાઁ હો જાએ.
ખર્ચ હો તેરી ઇતાઅત મેં શાબો રોઝ મેરે,
હર ઘડી ઝિક્ર તેરી વિર્દે દિલો જાઁ હો જાએ.
ઇસ સે પહેલે કે તેરે સામને લાયા જાઉં,
પાક હર એક ખતા સે મેરા દામાઁ હો જાએ.
મેરે આગાઝ સે તા હશ્ર કે હર લમ્હે પર,
સાયએ રહેમતે સુલ્તાને રસૂલાં હો જોએ.
મેરે માઁ-બાપ કી કબરેં રહેં રોશન રોશન,
ફઝલ તેરા મેરે બચ્ચોં પે ભી યકસાં હો જાએ.
તુંને હર રાહ તેરે બંદો પે કુશાદા રખ્ખી,
આખિરી રાહ ભી ઉસકે લીયે આસાં હો જાએ. ☆

**જો હમેં તેને હમારો દુશ્મન માની લીધો હોય, તો પછી તેને દુશ્મન જેમ જ રાખવો જોઈએ.**

## અપની ઝબાન – કિસ્ત - ૮

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** ઈમ્મજ, કુલકુચરા, રાઘડા તાનવા, સોરમ, વધી જ ભુંજાચ.

**નવા અલ્ફાઝ :**

**વારૂં** : હાઁ, ઈકરાર, માની જાવું, કામ કરવા વાસ્તે તૈયાર થઈ જાવું.

ઈસ્તેમાલ : બચ્ચાં ! આ ઝરા આગલ લાવ. વારૂં માઁ ! લાઉચ.

**ઊખલો** : કૂદી-કૂદીને ચાલનાર, સાફ જગા ગંદી કરનાર યા અફર-તફર કરી દેનાર યા બિગાડી દેનાર.

ઈસ્તેમાલ : આવો ઊખલો. હમના મારૂં બધ્ધું બિછાવેલું ચોલવાવી દેસે.

**રમલ્લો** : બચ્ચાંનું એક સાથે જમા થઈને તુફાન મચાવવું, એકબીજા સાથે ટકરાવવું, બધી જ ચીઝો વેરવિખેર કરી દેવી.

ઈસ્તેમાલ : ઓ માઁ ! યાઁ તો રમલ્લો જ છે. કિમ બેસાય. આ કામ વાસ્તે તો સુકૂનનો માહૌલ જોઈએ.

**ડાચું** : બિગડેલું મૂઁહ, બરગશ્તા મિઝાજ, ફુલેલો ચહેરો.

ઈસ્તેમાલ : એનું ડાચું કિવું હતું, આને સાથે તો કિમ વાત થાય !

**ઇતર-વિતર** : આમ-તેમ, યહાઁ-વહાઁ, જે હાલતમાં કોઈ ચીઝ ઢુંઢવી મુશ્કિલ થઈ જાય.

ઈસ્તેમાલ : જોવ બરાબર ! એ ચિઠ્ઠી મૈં જોએલી. યાઁ ઈતર-વિતર કોઈ જગા પર પડેલી હસે યા કોઈ ફાઈલમાં ચાલી ગઈ હસે. ✫

**બસદ તલાશ ન કુછ નુસ્રતે નઝર સે મિલા, નિશાને મંઝિલે મકસૂદ રાહબર સે મિલા,**
**અલી મિલે તો મિલે ખાનએ ખુદા સે હમેં, ખુદા કો ઢૂંઢા તો વો ભી અલી કે ઘર સે મિલા.**

**જે વક્ત દૌલતમંદી અને દુનિયાદારીની છાક ચઢે, તો હમેં તેના ગુલામ થઈ જઈએ છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૭
## અલવી અકીદાઓ - અકીદો - ૫૩

**અકીદો - ૫૩ : દીની તમામ ઊલૂમ કુરઆને અઝીમમાં છે :**

તમામ દીનના ઈલ્મો અલ્લાહતઆલાએ તેના કિતાબમાં એ તરહથી લફઝન-લફઝન બયાન કીધા અને તે જ કિતાબમાં તે લફઝના માઅના પણ મૌજૂદ છે. એવી તરહ કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આપની જગા પર વસી અને તે બાદ આપની આલે અત્હરના ઈમામો, તે તમામ દરજાઓનાં સાહેબો જે નુબૂવત, રિસાલતની જગામાં હોય આપના અહલે બૈત માંથી હોય, તે ઝમાનાના લોગોને સમઝાવી શકે. કુરઆનના અહલ હોવાની વિરાસતે કરીમહ અહલુલ બૈતને અલ્લાહતઆલા તરફથી ફઝલો કરમમાં મિલેલી છે. આપના તે પસંદીદહ બંદાઓને કુરઆનની દલીલથી અલ્લાહતઆલા જેને ચાહે એને જ હિકમત આપે. આ ઉપર મઝકૂર બયાનની આયતો કુરઆને કરીમમાં મૌજૂદ છે.

આ જગા પર હિકમત તે માઅનાને કહેવાય છે કે, જે કુરઆનમાં અલ્લાહતઆલાએ **વદીઅત અને અમાનત** મુકેલી છે. આ આયતની દલીલથી હમેં તેઓને પાક કીધા અને હમેં તેઓને કિતાબો હિકમતની તાઅલીમ આપી. યહાઁ કિતાબ તે કુરઆન છે અને હિકમત તે ઈલ્મની થાપણ છે કે, જેની તરફ અલ્લાહતઆલાની મખ્લૂક મોહતાજ છે. હરએક ચીઝને શરીઅત અને અક્લના પૈરાયામાં સમઝવા વાસ્તે હિકમતની ઝરૂરત પડે જ છે. અલ્લાહના કૌલની તે દલીલથી કે, કિતાબમાં કોઈ એવી ચીઝ નથી કે, હમેં તેને છોડી દીધી હોય. આ કિતાબ હર ચીઝને બયાન કરવનારી છે. હુજ્જત કરનારની બેમાઅના હુજ્જતને અલ્લાહ તોડી નાંખે છે. **કોઇ મખ્લૂકની હુજ્જત નુબૂવત આવા બાદ ચાલતી નથી.** આમાંથી એવા લોગો પણ હતા કે, જેઓ અકલમંદ હતા, નબી સાહેબના દરજાની માઅરેફત રાખનારા હતા. તેઓના નઝદીક જે વક્ત દીનો દુનિયાની કોઈ ઉલઝન યા પૈચીદગી પૈશ આવી તો તેઓ નબી સાહેબના અહલે બૈત તરફ રૂજૂઅ થયા અને એમના નઝદીકથી જે નબી સાહેબ હિદાયત દઈ ગયા હતા, તેને બરાબર જાણી લીધી અને પોતાની ઉલઝનોને દૂર કરી દીધી અને આ તરહ તેઓની મુશ્કિલો આસાન થઈ ગઈ.

જે લોગોએ પોતાની મનમાની કીધી, નબી સાહેબ અને આપના અહલે બૈતની હિદાયતથી ખિલાફ ગયા તેઓ સઆદત, નૈકબખ્તી અને નજાત ના પામી શકા. અલ્લાહતઆલાના કિતાબ અને હિકમતનો તેઓએ કોઈ ફાયદો ના લીધો. તેઓની અક્લને તેઓએ જ ધોકો આપો. તેઓ નબી સાહેબની વસીયતને ખિલાફ ગયા. પોતાના રબને આપેલો મીસાક તોડી નાંખો અને ખુદના નફ્સને હિદાયતથી મહેરૂમ કરી નાંખું. તેઓના ઉપર શયતાનનો કબ્ઝો થઈ ગયો, તેઓના **ખયાલાત અને તસવ્વુરાતમાં ફસાદ આવી ગયો અને તેઓ તકબ્બુરીનો શિકાર બની ગયા.** આ તરહ તેઓ અલ્લાહતઆલાના કિતાબ અને અહલે બૈતે રસૂલના ઈમામની હિકમતથી દૂર થાતા ગયા અને હિદાયતના આસાન રસ્તાને ભૂલતા ગયા. તેઓને હાથમાં કિતાબ-કુરઆન તો મિલા પણ દિલમાં હિકમત દાખિલ ના થઈ શકી. તેઓ કુરઆની આયતોને કાફી સમઝા, મગર આ આયતોને સમઝાવનારને ના સમઝી શકા !! ✯

---

(પેજ નં. ૫ નું બાકી)

**જવાબો :**

(૧) તૌહીદ (૨) અર્શ (૩) રહમત (૪) ઉમ્રો બિન અઝીનહ (૫) ત્રણ તરહના (૬) અલ્હાનીયત અને વલ્હાનીયત (૭) અકલે અવ્વલ.

---

**એવા કાફિર યા મુનાફિક શખ્સનું જિસ્મનું ખોલીયું શયતાનનું ઘર બની જાય છે.**

**કોઈના ગુલામ બનવું અને શર આગલ સર ઝુકાવવું, તે હમારા નફ્સને મારી નાખે છે.**

## હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની ૬૮ મી મીલાદે હાતિમી

મદહે હાતિમ મૌલા કી હરએક સે હો સકતી નહીં,
સચ હે હરગિઝ નહેર કૂઝે મેં સમા સકતી નહીં.
નાઈબે તૈયબ કે પિસ્તાલીસવેં હૈં નૂરે હક્ક,
હર કસો નાકસ સે ઈનકી વસ્ફ હો સકતી નહીં.
હે યહીં રિઝ્વાને જન્નત ઈસ મેં કોઈ શક નહીં,
ગૈર દેંગે કુછ મગર ફિરદૌસ મિલ સકતી નહીં.
ઈલ્મે આલે મુસ્તફા કે હૈં યે ગુલ્શન બેમિસાલ,
એક કલી ભી બિન રઝા કે ઈસ કી ખિલ સકતી નહીં.
રૂઅયતે હાતિમ શહા હે રૂઅયતે રબ્બુસ્સમા,
યે સઆદત મુમિનોં કો ગૈર સે મિલતી નહીં.
હો મુબારક મુમિનોં કો યૌમે મીલાદે હુઝૂર,
મુમિનોં કો યે મસર્રત ઔર કહીં મિલતી નહીં.
હો કરમ જો આપકા બન જાતા હે ઝર્રા ગૌહર,
ઐસી કુદરત ગૈર કો અલ્લાહને બખ્શી નહીં.
કહેતેં હૈં જન્નત કી નહેરેં વો યહીં પર હે રવાઁ,
વો સિવાયે ઈનકે દર સે ઔર કહીં બહેતી નહીં.
દીને તૈયેબ કો ઝરૂરત હક્ક કી ઔર તકવા કી હે,
ફિર કોઈ દુનિયાકી તાકત ઈસકો ઢા સકતી નહીં.
સર-બ-સજદા સામને હાતિમ શહા કે જો હોવા,
સરકશી ફિર એક લમ્હા ઉસ સે હો સકતી નહીં.
દુશ્મનાને દીન કો ક્યૂં યે સમઝ આતા નહીં,
દૂર તક યે નાવ કાગઝ કી કભી ચલતી નહીં.
હુબ્બે દાઈ સે મહેકતા હે ચમન ઈમાન કા.
ઈસમેં ખિદમત કે સિવા કોઈ કલી ખિલતી નહીં.
આપકો બખ્શે ખુદા ઉમ્રે દરાઝી બા સેહત,
યે દોઆ અબ, અય ખુદા મુમિન કી રદ હોતી નહીં.
નેઅમતે ઉઝમા હે ઝિલ્લે હાતિમુલ ખૈરાત કા,
ઐસી નેઅમત ઔર કો અન્વર કભી મિલતી નહીં. ✯

## " મોહંમદના રબએ મને કત્લ કીધો "

કુરઆને કરીમની સનદથી નબી સાહેબ (સ.અ.વ.વ.) ને દિલાસો આપવામાં આવો છે કે, આપ બિલકુલ ગભરાશો નહીં. હમેં આપની મસ્ખરી કરનાર, હઁસી ઉડાવનાર, કલામે ઝિલ્લત બોલનાર કમબખ્ત લોગોના મકર અને ખરાબીથી આપને કિફાયત કરી આપીશું. આપને તેઓથી દૂર કરી દઈશું ! આપની મઝાક ઉડાવનાર ખાસ પાઁચ મુશ્રિકો હતાં. આ પાઁચ એક વક્તમાં જુદી-જુદી શાકેલત થી હલાક થયાં. તેઓ આ મુજબ છે :

(૧) **વલીદ બિન મુગીરહ (લા.અ.) : તીર** વાગવાથી હલાક થયો.

(૨) **આસ બિન વાઇલ (લા.અ.)** : ઝમીન ઢસવાના સબબ તે નાસવા લાગો અને એક મોટા **પત્થરના** નીચે દબાઈને હલાક થયો.

(૩) **અસ્વદ બિન અલ-મુત્તલિબ (લા.અ.)** : નબી સાહેબની બદ-દોઆના સબબ એ **આંધલો** થઈ ગયો. એનો જવાન દીકરો કોઈ હાદેસામાં મરી ગયો અને આ જ ગમ અને સદમામાં એ લઈન પણ હલાક થયો.

(૪) **અસ્વદ બિન અબ્દે યગુસ (લા.અ.)** : આ લઈનની એટલી હદ તક સતામણી હતી કે, જિબ્રઈલ અમીને એના માથાને એક દરખ્ત સાથે ઝોરથી ટકરાવું અને તેને ફોડી નાંખું. આ **ઝખમના** મારે એ હલાક થયો.

(૫) **હારિસ બિન તલાલતિલ ખોઝાઇ (લા.અ.) : ગરમ-લૂના** સબબ કાલો હબશી જેવો બની ગયો. એના ઘરવાલાએ એને ના પહેચાનો અને કોઈ સબબ ઝઘડો થયો અને એને મારી નાંખો.

આ તમામ મુશ્રિકો હલાક થાતા થાતા એક જ કલામ પોતાની નાપાક ઝબાન થી બોલા કે, **"કતલની રબ્બો મોહંમદ", યાઅની "મોહંમદના રબએ મને કત્લ** કીધો." ✯

**હવે, જેનું નફ્સ જ મરી ગયેલું હોય એના વાસ્તે ખૈર હોય યા શર હોય, કંઈ જ માઅના રાખતું નથી.**

## " તમને અને મને ના પહેચાના "
### કિસ્ત - ૩

રસૂલુલ્લાહ બાવાજીએ વલીયુલ્લાહ માઁ ને ફરમાવું કે, "અય ભાઈ અલી ! બયતુલ ખલા (સંડાસ) ની ૧ ૨ અદબો છે, જે કોઈ શખ્સ આ ૧ ૨ અદબોને ના જાણે, તો એં મને અને તમને ના પહેચાના. હર કોઈ જે મુમિન હોય એને આ ૧ ૨ અદબોના ઝાહિર અને બાતિનનું જાણવું વાજિબ છે."

આ કલામે નબવીથી હમને માઅલૂમ થાય છે કે, જે કોઈ શીઅયાને અલી હોય અને એ આ ૧ ૨ અદબોને ફરામોશ કરે, તે મુજબ અમલ ના કરે તો એં નબી અને વસી બેવે ને ના પહેચાના.

**અદબ ૭ :** હાજિત કરતી વક્ત બોલે નહીં યાઅની ચુપ રહે. અગર કોઈ બાહરથી સલામ કહે તો તેનો જવાબ પણ આપે નહીં. અદબની માઅના એ થઈ કે, જે વક્ત ઈમામે હક્ક મુમિનનો બયઅત લે, મીસાક વાસ્તે મઝબૂત વચન લે તે વક્ત બયઅત-અહદની હરએક શરતને બરાબર સાંભલે, દિલમાં ઉતારે, યાદ રાખે અને તે જ મુજબ અમલ કરવા વાસ્તે કમરબસ્તા થાય. આ દૌરાન મુમિન પોતાના જીવ-જાનને હાઝિર રાખે, ફક્ત જિસ્માની તૌરથી નહીં પણ નફ્સાની તૌરથી પણ હાઝિર રહે. કોઈ બીજી તરફ પોતાનું ધ્યાન કે ઝહેન ના લઈ જાય. **ઇમામે હક્ક યા આપના રઝાના સાહેબની હરએક હિકમત ભરી ચીઝોને કાન પર લે.** આમ કરવાથી એનું ઈમાન પાયેદાર થાય છે અને અમલ બલંદ થાય છે.

**અદબ ૮ :** હાજિત (સંડાસ) કરતી વક્ત ઝિયાદહ તાખીર-વાર-દેરી ના લગાવે અને તેનાથી ફારિગ થાય તો અલ્લાહતઆલાનો હમ્દો શુક્ર કરે. જે કઈ જમન-પાની હમેં ખોરાકના લેહાઝથી લઈએ છે. તે હમારા વાસ્તે મુબારક, સેહતયાફતા અને શિફામંદ સાબિત થાય. જમવા-પીવામાં જો ખરાબી આવી જાય તો જિસ્મનું મીઝાન બિગડી શકે છે.

આની બાતિની માઅના એ થાય છે કે, કોઈ મુમિન એક વક્ત દાઅવતે હક્કમાં દાખિલો શરીક થાય તો પછી એ **ઇમામે હક્કના કૌલ, કલામ, નસીહત અને હિદાયત** સિવાય બીજા કોઈ પણ કૌલ તરફ નઝર ના કરે અને ખોટા અકીદાથી પોતાના દિમાગને ના બિગાડે. આ તરહની નાદાની, અચ્છાઈ સાથે બુરાઈને ખલત-મલત કરી દે છે. બહેતરી અને બદતરી દરમિયાન કોઈ હદ બાકી રહેતી નથી. દીને હક્કમાં હક્ક તઆલાએ જે હદો મુકર્રર કીધેલી છે, તેમાં કાના-બાકા-સુરાખ પડી જાય છે. જે ચીઝમાં સુરાખ પડે તેમાં ફિત્નો પૈદા થાતા વાર લાગતી નથી.

**અદબ ૯ :** અગર પાની દસ્તયાબ ના થાય તો જે ખડાવ હાજિત વાસ્તે લીધો હોય તેને પાછો ના લે. હાડકા, છાણા, લાકડા, કોલસાથી ખડાવ ના લે. કપડા યા ઈંટના ટુકડાથી ખડાવ લે. તે પછી ઈસ્તિન્જા કરીને, બેવે મખરજોને ધોઈને, તેની જગાને બરાબર સાફ કરે. પૈશાબ અને સંડાસના મખરજને દરમિયાનની જગાને પણ ડાબા હાથથી બરાબર સાફ કરે.

હાલમાં દૌરૂસ્સતરનો વક્ત છે. ઈમામે હક્ક સતર ઈખ્તિયાર કરે, તો ઈલ્મના પાનીની અછત પૈદા થાય છે. આ અછતના સબબ ઈમામના નાઈબ જે દાઈએ હક્ક હોય અને એમના મુમેનીન, **મહેદૂદ અને ખૂબ જ ઓછા ઇલ્મી પાનીથી પોતાનો ગુઝારો કરે છે.** સોચે છે કે, એટલું પાની બાકી રાખવું જોઈએ યા એટલાની જ હાજિત છે કે, જે ઈમાનો વલાયતને સાચવી રાખે. આ વક્ત એવો કહેવાય કે, ગૈરઝરૂરી ચીઝોમાં આ કીમતી પાનીને ઝાયેઅ ના કરી શકાય. યા એમ તો બની જ ના શકે કે દુશ્મનોનું નાપાક ઈલ્મોનું પાની લઈએ. **આમ કરવાથી તો ઇમાનો વલાયત બિગડી શકે છે.**

તો, પાનીની અછતના આ વક્તમાં દાઈએ હક્ક એવી ચીઝોમાં ખડાવની હિદાયત આપે છે, જેનાથી ઈમાની

(બકીયહ પેજ નં. ૧ ૨ પર)

**અદેખાઈ, લાલચ અને ઘમંડ, આ રસ્તાઓ શયતાનના પસંદીદહ છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર - કિસ્ત - ૧૭

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અન્સારમાંથી એક મરદને વસીયત કરતા કરતા ફરમાવે છે કે, "મૈં તમને મૌતને યાદ કરવાની વસીયત કરૂં છું. મૌતની ઝિક્ર કરવાથી તમને દુનિયાની બાબતોથી તસલ્લી અને સુકૂન હાસિલ થાશે. તેનાથી તમારા દિલમાંથી દુનિયા ભુલાઇ જાશે. જે વક્ત તમેં જોશો કે, દુનિયામાંથી કેટલાક તમારા જાન-પહેચાનના લોગો ગુઝરી રહ્યા છે, તમામ ચીઝો દુનિયામાં જ મુકીને જઇ રહ્યા છે, તો તમને એહસાસ થાશે કે, ફાની ચીઝોને સાચવવામાં અને તેને યાદ કરવામાં અને ગયેલી ચીઝો પર અફસોસ કરવામાં વક્તને ઝાયેઅ ન કરવો જોઇએ. મૌત, દુનિયાના માલો મતાઅથી ગાફિલ કરી દે છે.

આપ નબી સાહેબ ફરમાવે છે કે, **"હાદેમુલ લઝ્ઝાત"** ની ઝિક્ર ઝિયાદહથી ઝિયાદહ કરતા રહો. આપની હઝરતે મોહંમદીયહમાં અરઝ કરવામાં આવી કે, યા રસૂલુલ્લાહ ! આ હાદેમુલ લઝ્ઝાતની શું માઅના છે ? આપના કલામની મુરાદ શું છે ? આપે વઝાહત કરીને ફરમાવું કે, તે મૌત છે. મૌત દુન્યાવી હર લઝ્ઝતને તોડી નાખે છે અને પાડી નાખે છે. તેના અસરાતને ખત્મ કરી દે છે. આનો સબબ એ છે કે, જિસ્મ હોય તો લઝ્ઝતનો સવાલ આવે. **નફ્સે હયવાનીયહ લઝ્ઝતોની ગુલામ હોય છે.** તે જિસ્મના સહારા બગૈર રહી શકતી નથી. જો જિસ્મ જ ના રહે તો લઝ્ઝતોના હોવાની કોઇ જ ગુંજાઇશ રહેતી નથી. મૌતના સબબ આ લઝ્ઝતોનો ખાતેમો થઇ જાય છે.

આપે મઝીદ ફરમાવું કે, "મુમેનીન માંથી તમામ કરતા ઝિયાદહ અકલમંદ તે શખ્સ છે કે, જે મૌતને ઝિયાદહ યાદ કરે અને તેના વાસ્તેની તૈયારી પૂરી તકેદારીથી કરે." આપના આ કલામ ખૂબ જ ગહેરા છે. લોગો તેમની રોઝાના ઝિંદગીમાં ખાસ-ખાસ કામો વાસ્તે ઢગલા તૈયારીઓ કરતા હોય છે. પણ હમને ખબર હોવી જોઇએ કે, મૌતનું આવવું તો હક્ક છે અને તે તો અહમમાં અહમ અમર છે. **તેને કોઇ જ ભુલી શકતું નથી. તેનાથી કોઇ ગાફિલ રહી શકતું નથી** તો પછી શું કામ. તેના વાસ્તેની તૈયારીને હમેં હમારી પીઠને પાછલ નાખી દઇએ છે ? હમેં એમ ગુમાનમાં રહીએ છે કે, હમેં તો સહીહો સાલિમ છે, તંદુરસ્ત છે, હમને શું થાશે, હમેં તો જવાન છે, ઝિંદગી હજી બહુ બાકી છે, પછી કરી લઇશું, બધું થઇ જાશે, હમણા તો દુનિયાની લઝ્ઝતો ઉઠાવવાના અને પૈસા કમાવવાના દિવસો છે. આ બધી ચીઝોના સબબ હમેં મૌતની તૈયારીને નઝરઅંદાઝ કરી દઇએ છે, જે હમારી આઁખોના દરમિયાનના હિસ્સામાં હમારી પૈશાની પર બેસેલી છે.

હમારી અકલમંદી મૌતને માનવામાં અને તેની હકીકતને જાણવામાં છે. તે હમારા ઇમાનનો એક હિસ્સો છે. તેના સબબ જ હમેં અલ્લાહતઆલાના ઇન્સાફના દરબાર તરફ વલીશું.

---

(પેજ નં. ૧૧ નું બાકી)

જિસ્મને મઝર્રત - તકલીફ ના થાય. તેનું મિલવું આસાન - સહેલ હોય, હર ઘરમાં અને હર જગા પર દસ્તયાબ હોય. હર કોઇનો હાથ પહોંચી શકતો હોય. તે એવી ચીઝ હોય કે જલ્દીથી કુફ્ર અને નાફરમાનીની નજાસતને જઝબ કરી લે, ચૂસી લે. તે છે ઈંટનો ટુકડો યા કોટનનું કપડું યા રૂ. **તેનાથી જિસ્મને ઝખ્મ લાગતો નથી.** મગર પાનીની જગા પર તેને ઈસ્તેમાલ કરવાથી હાજિતની જગા સાફ કરી શકાય છે.

એવા ખડાવની ઈજાઝત આપવામાં આવી નથી કે, જેને બળતણ યા જમન બનાવવા યા આગ લગાવવા કામમાં આવી શકે. તે છે લાકડા, હાડકા, કોલસા, છાણા યા તેના જેવી કડક, સખ્ત ચીઝો કે જે જઝબ ના કરી શકે તેને ઈસ્તેમાલમાં ના લઇ શકાય. આ ચીઝો ઈંધણમાં વપરાય છે. તેનાથી જિસ્મમાં મઝર્રત-ઝખ્મ લાગી શકે છે. ભલે ઈમાની પાનીની અછત હોય, **મગર આ ચીઝોનો ખડાવ કુફ્ર અને નાફરમાની વધારે છે.** ઈમાનો વલાયતમાં નુકસાન વાકેઅ કરે છે. ✯

**તે જાણે છે કે, આ ત્રણે ચીઝો હમ ઈન્સાનની કમ્ઝોરી છે.**

## કુરઆને કરીમ અને સુન્નતે નબવીયહથી ફેસલા
## અલવી અકીદાઓની રોશનીમાં - પેજ નં.: ૯

સૈયેદના કાઝીયુન્નોઅમાન સાહેબે આપની બલંદ-પાયા, મશ્હૂરો-માઅરૂફ કિતાબ **" દઆઇમુલ ઇસ્લામમાં "** ફરમાવું છે કે, ઉમરો બિન અઝીનહ, એ પાઁચમાં ફાતેમી ઈમામ મૌ.જાઅફર અસ-સાદિક (અ.સ.) ના અસ્હાબ માંથી હતા. એ બયાન કરે છે કે, "એક દિન મૈં કૂફામાં અબ્દુર્રહમાન બિન અબી લૈલાની મુલાકાત વાસ્તે ગયો. તે વક્ત એ કાઝી હતા. મૈં એને કહ્યું કે, તમેં શું તમારા આપેલા ફેસલાઓમાં નઝર નથી કરતા ? કાઝીઓની હૈસીયતથી તમારા પાસે જે જે કઝીયાઓ-કેસો-મુકદ્દેમાઓ-ઝઘડા આવે અને તેની કૈફીયત જો એક જેવી જ હોય, તો પણ તમેં તે વાસ્તે ફેસલા શું અલગ-અલગ આપો ! એક જ તરહના કઝીયાના ફેસલામાં **તમેં ઇખ્તિલાફ કરી દો !** યા તમારા કાઝીઓ માંથી હર એકને એક જ કઝીયો આપવામાં આવે તો તેના ફેસલામાં પણ તમેં ઈખ્તિલાફ ઊભા કરી દો. પછી, જો તમામના ગલામાં આ તરહના ફેસલાઓનો ફંદો આવી પડે, તો તમેં તમારા સાહેબે વક્ત પાસે લઇ જાવ કે, જેએ તમને કાઝી બનાવા છે. તો, એ સાહેબ તમામને ખુશ કરવા તમારા ફેસલાને સહી માની લે અને લોગોને તે મુજબ માનવા પર મજબૂર કરી દે !

અય અબ્દુર્રહમાન ! ફેસલા કરવામાં તમેં ખુદાથી ડરતા રહો. હાલાંકે તમેં જાણો છો કે, હમારા ખુદા એક છે, હમારી કિતાબ એક છે, હમારા નબી એક છે, હમારૂં દીન એક છે ! શું તમને આ તરહ ઈખ્તિલાફ કરવાનો હુક્મ થયો છે ? યા તમેં તમારી મનમાની કરો છો ? આ ખુદાના ફેસલામાં તમેં તમારી ચીઝ ઊમેરીને ભાગીદાર બનવા ચાહો છો ? શું ખુદાના હુક્મ સાથે તમારો હુક્મ મન્ઝૂર થઇ શકે ? શું તમેં એમ માનો છો કે, **ખુદાનું દીન નાકિસ છે** અને તમેં એવા ફેસલા સંભલાવીને તેને પૂરૂં કરવા ચાહો છો ? યા કે દીન તો કામિલ છે, મગર નઊઝોબિલ્લાહ, ખુદાની પનાહ, રસૂલુલ્લાહ બાવાજીએ એમની ઝિમ્મેદારી બરાબર ના નિભાવી અને તે વાસ્તે તબ્લીગ કીધી નહીં ? બોલો, અય અબ્દુર્રહમાન ! શું કહો છો આ બાબત માં ?

ઉમરો કહે છે કે, મેં નાની ઉંમરનો હતો અને અબ્દુર્રહમાન આ મારા સવાલો સાંભલીને હયરતમાં પડી ગયા અને મારા નામ-નસબ, ગામ-થામ-નામ નો સવાલ કરીને મને મરહબા કહીને બોલા કે, તમેં સવાલમાં ઘણી જ સખ્તી કીધી છે. મગર મૈં તમારા સવાલોના શાફી-કાફી જવાબ આપીશ. "સાંભલો ! અય ઉમરો ! હમારા પાસે કોઇ કઝીઓ-કેસ આવે તો પહેલામાં પહેલા કિતાબુલ્લાહ અને તે બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત મુતાબિક હમેં ફેસલો આપીએ. હવે, જો કિતાબ અને સુન્નતમાં તેનું કોઇ અસલ જ ના હોય યા ઝિક્ર ના થઇ હોય, તો હમેં હમારી રાય-કિયાસ-ગુમાન થી કામ લઇએ છે."

ઉમરો બોલા કે, આ તમેં શું કહો છો ? શું હમણા તક તમેં આ જ મુજબ કરતા આવા છો ! ખુદાતઆલા પોતાના કિતાબમાં ફરમાવે છે કે, **" હમેં આ કિતાબમાં કોઇ ચીઝને બાકી નથી છોડી, આસ્માનની હોય, ઝમીનની હોય, દરીયાની હોય, ચરિંદ હોય, દરિંદ હોય, પરિંદ હોય, ઇન્સો-જિન્નો-મલક હોય, જાનદાર હોય, ગૈર-જાનદાર હોય. અય રસૂલ ! આપના ઉપર જે કિતાબ હમેં નાઝિલ કીધેલી છે, તેમાં હરએક ચીઝને હમેં વાઝેહ કરી દીધેલી છે. "** આ આયતોથી તો એમ સમઝમાં આવે છે કે, કોઇ શખ્સ ખુદાતઆલાના તમામ અહેકામ-હુક્મ કરવામાં આવેલા કામો મુતાબિક અમલ કરે અને તમામ મમ્નૂઆત-મનાઅ કરવામાં આવેલા કામો મુતાબિક દૂર રહે તો એને એનું દીન તમામ કરી દીધું. આના સિવાય, હવે કોઇ એવો હુક્મ બાકી રહી જાતો નથી કે, જેના પર અમલ કરવાથી ખુદા સવાબ ઈનાયત કરે યા એવી મનાઇ બાકી રહી જાતી નથી કે, જેના પર ના ચાલવાથી ખુદા અઝાબમાં મુબ્તેલા કરે. અબ્દુર્રહમાન બોલા કે, "ના ! કોઇ એવી ચીઝ બાકી રહેતી નથી."

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**બૈરો જે તકલીફમાં હોય યા બદ ખસ્લતના હોય, એને પણ શયતાન તેની જાલ નાંખવાનો ઝરીઓ બનાવે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

ઉમરો એતેરાઝ કરીને બોલા કે, "તો પછી તમારા પાસે એવા કઝીયા આવે જ કેવી તરહ કે, તેના ફેસલા વાસ્તે કિતાબ કે સુન્નતમાં કોઇ અસલ યા ઝિક્ર જ ના હોય !" અબ્દુર્રહમાન બોલા કે, સાંભલો ! સાહેબે વક્તે એક દિન કોઇ ચીઝનો ફેસલો કીધો તો કોઇએ એમની ખૂબ તાઅરીફો તહેસીન કીધી. તે વક્ત સાહેબ ગુસ્સે થઇને બોલા કે, "લાવો ! દિર્રાને મારા હાથમાં લાવો ! લાવો ! **હું એને મારૂં.** શાયદ કે તારી માઁ તુંને ના જનતી. ખુદાના કસમ ! હુંએ જે ફેસલો કીધો તે હું જાણતો નથી કે, તે અચ્છો છે કે બુરો. તે તો મારી એક રાય હતી, જેમાં મૈં મારી અકલથી સોચીને ઈજતેહાદ કરીને ફેસલો આપી દીધો."

ઉમર બિન અઝીનહ બોલા કે, અય અબ્દુર્રહમાન ! મૈં પણ તમને એક વાત મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ના તરફથી સંભલાવવા ચાહું છું. તે એ છે કે, આપ મૌલા ફરમાવે છે કે, "કાઝીઓ તીન તરહના હોય છે. તેમાંથી બે કિસ્મના કાઝીઓ હલાક થાશે એન તીસરી કિસ્મનો કાઝી નજાતની રાહવાલો બનશે. પહેલી કિસ્મ તે છે કે, (૧) એ કાઝી જે જાણી જોઇને, ઝુલ્મ કરીને, દુશ્મની થી હક્કને ખિલાફ ફેસલો આપશે. (૨) એ કાઝી જે પોતાની મનમાની કરીને, પોતાના તરફથી ઊમેરો-સુમેરો કરીને, પોતાના ઝહેની તુક્કાઓથી, રાયથી, અનુમાનથી ફેસલો આપશે. આ બેવેએ કિતાબ અને સુન્નત મુજબ અમલ ના કીધો. લેહાઝા, તેઓ જહન્નમી છે. (૩) તીસરી કિસ્મનો કાઝી એ છે કે, જેના દિલમાં ખુદાનો તકવા હશે, આખેરતનો ડર હશે, દુનિયાના લોગોની પરવાહ કીધા બગૈર ખુદાતઆલાના અમર-હુક્મ મુતાબિક ફેસલો આપશે, એ શખ્સ જન્નતી છે, નાજી છે."

અબ્દુર્રહમાન બોલા કે, "શું તમેં એમ કહેવા ચાહો છો કે, હરએક ચીઝ નો ફેસલો અને હરએક ચીઝની વઝાહત કિતાબ અને સુન્નતમાં મૌજૂદ છે. અરે ! હું જાણું છું કે, કુરઆનમાં તો એવી ચીઝ પણ છે કે, **જેની હમને કોઇ ઝરૂરત જ નથી.** તો પછી કુરઆનમાં એવું પણ બને કે, જે ચીઝની હમને ઝરૂરત હોય, તે કુરઆનમાં હોય જ ના ! કુરઆનમાં બયાન છે કે, એ કાફિર શખ્સ એના બાગની બરબાદી જોઇને પછતાવવા લાગો અને પછતાવવાની શાકેલત અને તેનો તરીકો એવો હતો કે, એ એની બેવે હથેલીઓને ફિરાવવા લાગો યાઅની કફ્ફે અફસોસથી હાથ મલવા લાગો. અય ઉમરો, જોવ ! ખુદાએ આ ઝિક્રમાં પછતાવવાની-નદામત કરવાની રીત-શાકેલત પણ બયાન કીધી છે કે, **જેની કોઇ ઝરૂરત જ ન્હોતી.**

અબ્દુર્રહમાન બોલા કે, આ ઈલ્મ કોના પાસે છે જે ખુદાએ બયાન કીધેલી હર હિકમતને, ઝિક્રને અને આયાતને જાણતા હોય ? ઉમરોએ જવાબ આપો કે, તું એ સાહેબને બાખૂબી જાણે છે, એને બહેતર તૌરથી ઓલખે પણ છે !! એ બોલા કે, જો આમ જ હોય તો ઝરૂર ! **જો હું એમને ઓલખી લઉં તો હું એના બેવે કદમને ધોઇ લઉં,** એમની ખિદમત કરૂં અને એમનાથી ઈલ્મને હાસિલ કરૂં કે જે મારા કાઝી હોવાની શાનને ઔર બલંદ કરે. ઉમરોએ જવાબ આપો કે, "ભલા તું એવા શખ્સને ઓલખે છે કે, જે વક્ત એ સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને સવાલ કરતા તો આપ એમને બિલા શક ! જવાબ આવતા જ. આનાથી બરઅક્સ એ છે કે, જો એ સાહેબ સવાલ ના કરતા, તો પણ નબી સાહેબ ખુદ આગલ વધીને એમને બતાવી દેતા."

અબ્દુર્રહમાન બોલા કે, "હાઁ ! એ સાહેબ તો મૌ.અલી બિન અબી તાલિબ (અ.સ.) છે." ઉમરો બોલા કે, "તમેં જાણો છો કે, તમામ લોગો મૌ.અલી (અ.સ.) ની તરફ મોહતાજ હતા. **સઘલા જ આપનાથી જે જોઇતું તે લઇ લેતા, જે જાણવું હોય તે જાણી લેતા.**" એ બોલા કે, હાઁ, ઝરૂર ! ઉમરો બોલા કે, બસ ! તો કિતાબ અને સુન્નતના ઈલ્મના માલિક મૌ.અલી છે. એમના પાસે દુનિયા-આખેરતનો ખઝાનો છે. એ બોલા કે, મૌ.અલી તો ગુઝરી ચુકા છે, તો હવે હમને તે ઈલ્મના ખઝાના કહાઁથી મિલે ! ઉમરોએ કહ્યું કે, જાવ ! તપાસ કરો. તલાશ કરો. મૌ.અલી નથી મગર

(બકીયહ પેજ નં. ૧૫ પર)

**જો આ મુજબનું બને તો તે ઘણી મોટી મુસીબત લાવી શકે છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

એમના ફરઝંદોના ફરઝંદો તો છે ને ! એમના પાસે મૌ.અલીનું ઈલ્મ છે. એ બોલા કે, મૌ.અલીના ફરઝંદો સાથે કેવી તરહ મારી મુલાકાત થાય ?

ઉમરોએ જવાબમાં કહ્યું કે, "અફસોસ સદ અફસોસ ! તમેં મને બતાવો કે, એક કૌમ જંગલ-બયાબાન માંથી જઈ રહ્યા હતા. એમના સાથે તે ઈલાકાના જાણકાર ભોમીયા પણ હતા, જે અમને રસ્તો બતાવે અને ગુમ્રાહ થાતા બચાવી લે. **એ કૌમ એના રહેનુમાઓ-રસ્તો બતાવનારાઓ પર જ તૂટી પડા,** તેઓની જાન લેવા પર આમાદહ થઈ ગયા. તેમાંથી કેટલાકને કત્લ કરી દીધા અને કેટલાક ના સાઝો-સામાન લૂંટીને મજબૂર કરીને એવા ખૌફઝદા કીધા કે, તેઓને સતર-પડદામાં જાવા વાસ્તે બેબસ કરી દીધા. તેઓને કૌમથી દૂર જાવા પર બેકસ કરી દીધા. હવે એ કૌમને નઝદીક કોઈ રાહબર બાકી ના રહ્યા તો તેઓ જંગલમાં ભટકતા રહ્યા અને એક અરસા તક સહી રસ્તો ના મિલવાથી તેઓ હલાક થઈ ગયા અને પોતાની જાનોથી હાથ ધોઈ બેસા.

ઉમરો બોલા કે, બોલો અબ્દુર્રહમાન ! તે લૂંટેરોઓ બાબત અને ગુમ્રાહ લોગો બાબત તમારૂં શું કહવું છે ? એ બેસાખ્તા બોલા કે, "આ કેવી નાદાની તેઓએ કીધી, પોતે પોતાની જ ગરદનો પર પોતાની તલવારોથી વાર કીધો. ઝરૂર ! અફસોસ છે તેઓ વાસ્તે કે, પોતાના નઝદીક રાહબરની જે નેઅમત મૌજૂદ હતી, તેને સાચવી ના શકા અને **જેહાલતમાં તેને ઝાયેઅ કરી દીધી.** તેઓનું ઠેકાણું જહન્નમ સિવાય બીજી કઈ જગા હોઈ શકે !!" આટલું કહ્યા પછી એનો ચહેરો ઝર્દ-પીલો થઈ ગયો અને ખૂબ જ ફિકરમાં પડી ગયા. તે વક્ત એના હાથમાં એક સફરજન-સૈબ હતું, તેને ઝોરથી ઝમીન પર પટકીને પોતાની ઝાત પર અફસોસ કરવા લાગા. એટલું ઝોરથી પટકું કે તે સૈબનો ચૂરેચૂરો થઈ ગયો અને એ આહ ! આહ ! કરીને બોલી ઉઠા કે, **" ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઊન. "**

ઉમરો આખિરમાં બોલા કે, અય અબ્દુર્રહમાન ! હું તમારો ખૈરખ્વાહ છું. કાઝી હોવાનો ઘણો મોટો ઓહદો તમારા પાસે છે. પહેલામાં પહેલા તો તમેં મારા સાથે મદીના આવો અને ઈમામે હક્કની મુલાકાત કરો અને મૌલાથી રૂશ્દો હિદાયત હાસિલ કરો. **તમારા માથા પર અઝીમ ઝિમ્મેદારી છે.** તમારા ઝબાનથી નિકલેલો ફેસલો હક્ક-બ-જાનિબ હોવો જોઈએ. તો જ તમેં તમારી ખુદની ઝાત પર અહેસાન અને ઈન્સાફ કીધો ગિનાશે. જો આમ નહીં હોય તો તમેં સમઝજો કે, દુનિયાના ખઝાના તો તમને મિલી જાશે પણ આખેરતમાં તમેં ફકીરી અને મિસ્કીની કરશો. કોઈ તમારી દાદ-ફરિયાદ સાંભલનાર નહીં હોય." ✯

---

(પેજ નં. ૬ નું બાકી)

**અલ્લાહની તૌહીદનો કલેમો** હમેશા ઝિંદા રહે છે. બિલા શક ! હમેં એમ ઝરૂર કહી શકીએ કે, અઈમ્મતે હક્ક અલ્લાહતઆલાની હર સિફત જે હમેં જાણીએ છે, તેના મઝહર છે, સરચશ્મા છે, સ્ત્રોત છે.

હમેં જે નામોથી અલ્લાહતઆલાને પુકારીએ છે, તસ્બીહ કરીએ છે, ઈબાદત કરીએ છે, યાદ-ઝિક્ર કરીએ છે, તે ૯૯ છે. આ નામો મુબારક છે અને હમારી હર દોઆમાં તે મૌજૂદ છે. આ ૯૯ નામોની બરકત અને તેના મમ્સૂલ ૯૯ ઈમામો છે. **હર નામની તાકત એક ઇમામ છે.** ૯૯ પછી મૌ.કાઈમ (અ.સ.) તશરીફ લાવશે. આ સાહેબ યૌમે કેયામતના મુખ્તાર છે. આપ તૌહીદે ઈલાહી તરફ દાઅવત દેનાર આખિરી છે. આપના બાદ કોઈ હુજ્જત બાકી નહીં રહે. આપ આખિરી ખિતાબ-ફેસલો કરનાર છે. આપ અદલો ઈન્સાફની તલવારથી જૌરો ઝુલ્મની કમરને તોડી દેશો. આપના સબબ પૂરૂં આલમ રૌશન થઈ જાશે. આપ તમામને મહેશૂર કરશે અને તમામને એમના ઠેકાણા તરફ પહોંચાડી દેશે. ✯

**આ શયતાની જાલથી મુમિને મુખ્લિસ આઝાદો બરી છે.**

## દાઅવતે દાઈ

ઈમાન કી તન્વીર હે, યે દાઅવતે દાઇ,
ઈસ્લામ કી તૌકીર હે, યે દાઅવતે દાઇ.
હે મુદ્દોઆ અલી કા તો ઝહરા કી હે દોઆ,
અહમદ કી યે તદબીર હે, યે દાઅવતે દાઇ.
ઈસ્લામ કે ઊસૂલો કા એક મદ્રસા હે યે,
દુશ્મન કે લીયે તીર હે, યે દાઅવતે દાઇ.
ઈમાન કી કસૌટી હે ઔર ગમ કી દવા ભી,
મુમિન કી યે તૌકીર હે, યે દાઅવતે દાઇ.
આલે રસૂલ કિતની મુસીબત ઉઠા ચુકી,
ઉસકી હી યે તસ્વીર હે, યે દાઅવતે દાઇ.
કિતને હી મકર કર લે તું અય દુશ્મનાને હક્ક,
તેરે લીયે ઝંજીર હે, યે દાઅવતે દાઇ.
ઝાયેઅ નહીં જાતી હે કભી ખિદમતે ખાલિસ,
કર લેતી વો તહેરીર હે, યે દાઅવતે દાઇ.
કુલ અંબિયા શરીક હે ઇસ કારે રૂશ્દ મેં,
બસ એક હી તકરીર હે, યે દાઅવતે દાઇ.
કુરઆન કો ઔર આલ કો હે સાથ મેં રહેના,
એક બોલતી તફસીર હે, યે દાઅવતે દાઇ.
અન્વર રચાઇ આલે અબાને જિસે સદા,
વો નાઅરએ તકબીર હે, યે દાઅવતે દાઇ. ✯

**ઈમાનનો કમઝોર શખ્સ જે આ જાલમાં ફસાય છે એનું કલ્બો ઝમીર શયતાન મારી નાંખે છે.**

## નાઅત મુબારક " નૂર કા હૈ "

ઝમીં નૂર કી આસમાં નૂર કા હે,
મદીને કા સારા જહાઁ નૂર કા હે,
યહાઁ નૂર હી નૂર હે, આબો ગુલ મેં,
શજર નૂર કે ગુલસિતાં નૂર કા હે,
યે ખુદ નૂર હી નૂર હૈ સર સે પા તક,
તો ફિર ઉનકા હર એક નિશાઁ નૂર કા હે,
અદબ કી જગા હે સરાપા અદબ હો,
યે ઘર નૂર કા આસ્તાઁ નૂર કા હે.
મદીને કો હમને સદા યૂં હી દેખા,
કે હદ્દે નઝર તક સમા નૂર કા હે.
મદીને મેં હર સૂ ન ક્યૂં નૂર બરસે,
મદીને કા જાનાને જાઁ નૂર કા હે.
મદીને કા તોહફા મુબારક હો ઝાકિર,
તું ખાકી હે તેરા બયાં નૂર કા હે. ✯

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.